Dt - 28 / 1 / 2009
બુધવાર.

શ્રી મૃગેશભાઈ,

હું આ પત્ર સાથે મારી કૃતિ 'જોગાનુજોગ' readgujarati.com ને મોકલી રહ્યો છું. આપશ્રી જે ઇન્ટરનેટ પર અમારા જેવા યુવાઓને ગુજરાતી સાહિત્યમાં રસ લેતાં કરવા માટે દિવાદાંડીની ભૂમિકા ભજવી રહ્યાં છો તે કાબિલે તારીફ છે. હું આપનો ખૂબ આભારી છું અને આશા રાખું છું કે આપ મારી કૃતિને આપની વેબસાઈટ પર જરૂરથી રજુ કરશો.

હું જે આ કૃતિ મોકલાવું છું તે માત્ર મારી મૌલિકતા છે કોઈ નામ - સરનામું આ કથા સાથે મેળ ખાય તો તે માત્ર સંજોગ સિવાય બીજું કંઈ નહિં હોય.

હું જે આ કૃતિ મોકલાવું છુ તે મારી પ્રથમ કૃતિ છે. હું ભાવનગર જિલ્લાના ગુંદાળા ગામનો વતની છું અને હાલ M.Tech (Communication Systems) માં Sardar Vallabhbhai National Inst. of Technology (SVNIT) ખાતે ચોથા ~~[illegible]~~ સેમેસ્ટર માં અભ્યાસ કરું છું. મે B.E. (EC) ભાવનગર યુનિવર્સિટીમાંથી કરેલ છે.

આપશ્રીને મારી વિનંતી છે કે જો મારી કૃતિ આપની વેબસાઈટમાં પ્રસિદ્ધ કરશો. આપશ્રી કે કોઈ રીડર વિચારક મારો સાથે www.amitdegada.weebly.com પર કે મારા e-mail amitdegada@gmail.com પર સંપર્ક સાધી શકે છે.

હું આશા રાખું છું કે આપ મારી કૃતિઓ જરૂરથી પ્રસિદ્ધ કરશો.

Amit

[ Degada Amit D. ]
M.Tech (commu. sys).
e-mail - amitdegada@gmail.com
Website - www.amitdegada.weebly.com.
Mobile - 9427755847.
Address - Room No BT-13,
Hostel-10 Raman Bhavan,
S.V.N.I.T.,
Ichchhanath,
Surat - 395007.
[Gujarat].

# મેઘમાયા.

આજે અરુણના ઓજસ વસુંધરાને અજવાળી રહ્યા છે. પોતાના માળાની માયાડોરથી બહાર આવીને ખગ કિલકારી ગાવા માંડ્યાં છે. ઝાંઝરના ઝણકાર સાથે નારી બાળાઓ પોતાના આંગણા સાફ કરી રહી છે અને જગતનો તાત સોનેરા રવિપ્રકાશથી ગદ્‌ગદિત થઈને ખરીફ પાકનું સીમમાં વાવેતર કરી રહ્યો છે. વર્ષો પહેલાની ખારા પટની આ ધરા માથે ત્રણ ત્રણ મોસમ લેવાય છે, ઈ ભુંગાના ગામમાં આજે એક રૂડો અવસર છે. રૂડો એટલા માટે કે'વો પડે, કારણ આ ગામની સરપંચ મનુબેન દિલ્હીના દરબારમાં ગોકુળિયા ગામનો પુરસ્કાર ગ્રામજનો વતી લેવાના છે.

મનુબેન બરાબર સાત વરહ પહેલાં આ ગામની સરપંચ બની હતી. આજ જ્યારે ઈ બાઈના ગુણગાન ચોમેર પ્રસંશા છે ત્યારે, એની આખેઆખું ઉમે ભૂતકાળની સંઘર્ષની યાદો તાજી થાય છે.

મનુબેનનો જન્મ રત્નાકરના કાંઠે વસેલા ખરગાપર ગામમાં થયો હતો. માવતર પંથકમાં ભારે આબરૂ ધરાવતા હતા, નો' ભાઈઓની ખોટ વર્તાતી હતી. સોળ વરહની કુણી વયે એનું લગ્ન ભુંગાનાના ખેડુ ભગવાનભાઈના દિકરા અમરા હારે કરી દેવામાં આવ્યું. ગામડામાં ઈ જમાનામાં માંડ ત્રણ ચોપડી ભણેલી મનુ કે જેની હજુ રમવાની ઉંમર ગઈ નથી, તે આજ સાત ચોપડી પાસ અમરાના ઘરે સરપંચ બની રહી છે.

પણ કે છે ને કુદરત કસોટી કરે છે, ...
મનુના જીવનનો કપરો કાળ શરૂ થયો. આમ તો
મનુનું સાસરું પંથકમાં પ્રખ્યાત છે. બાપ-ગોતરની ૩૦૦
વિઘા જમીન છે. પણ ઈ બધું કુદરતથી નો'
જીરવાયું. કુંટુંબમાંથી મા-બાપ ને સાસુ-સસરા
સ્વર્ગે સિધાવી ગયાં. કાળમુખી સરકારે દેશને આઝાદી
મળતાની સાથે જાહેર કર્યું કે, 'ખેડે એની જમીન'.
મંગળો માસ્તરની નોકરી પડતી મૂકી સમરાને
ખેતીકામમાં લાગી જાવું પડ્યું, બાકી જમીન
ભાગિયાના નામે થઈ જાય એવી તો હતી.
જેમ-તેમ કરીને મનુએ હિંમત આપી અને
બેય દાડી-દાડિયાથી ખેતીમાં લાગી પડ્યાં અને
૫૦૦ વિઘા જમીન બચાવી લીધી, ત્યાં મોટાભાઈ
પોતાની પત્નીની ચડવણીએ આડા ફાટ્યા ને
પોતાના ભાગની જમીન લઈ અને વેચી
શહેરમાં રહેવા વયાં ગયાં. હવે મનુની માથે બાળ
દેર સુરો કે જે હજુ ૧૨ વરહનો જ થયો
છે એની જવાબદારી આવી પડી, ને' વળી
સમરાની પ્રવેશ બેનનું બા લગન માથે હતાં. એવામાં
મનુએ બે પુત્ર રત્નું અને બાળાને જન્મ આપી
ચૂકી હતી. ઘરની હાલત કફોડી બની, કારણ કમાવા
વાળો એક ને ખાવા વાળા ઝાઝા નો' વળી પાછું
સમાજમાં તો રહેવાનું.

આરસ-પારની આપદા ઓછી હોય ત્યાં મનુએ
બાદરવામાં વરસ્યા. આ ટીંગરો નક્કી મનુ-સમરાના
ખેતરમાં બિયારો મોત લાગતી ગયો. ઘરમાં બાર
સાંધા છે, એક તૂટે (અંદાજના ૨૦૦ કિલો.) ઠાકું
સમરાએ ત્રણ વિઘાનું બીજ પોતાની વહાલી જમીનમાં

વેચી નાખ્યું. પોતાની દિકરી જેવી પ્રોઢ ભવાનીના લગન માટે મહુડેએ બીજુ ૨૫ વિઘા જમીન વેચવા મને-કમને અમરાને તૈયાર કર્યો. ઈ જમાનામાં જમીનના ભાવ કોઈ આવે નહિ, તે રૂપે ભારાભારની જમીન કોણ લે. લગન તો પત્યા પણ બીજા વરહે મેહુલો વરસ્યો નહિં. હવે સુરો ભાઈ-ભાભીને ખેતમાં મદદ કરવા લાગ્યો. ત્રીજુ વરહ પણ નબળું ગયું ને, અમરા માટે ઘર ચલાવવું દેવું થઈ ગયું. હવે અમરો ભાંગી પડ્યો હતો ને બાવો બનવા તૈયાર થઈ ગયો. મહુડે ઠાકરડાણીમાની માનતા કરી અને બેય દેવ જેવા દિકરાના સમ દઈ અમરાને ઈ મારગેથી પાછો વાળ્યો.

મહુમાં કોઠાસૂઝ ભારે હતી એટલે અમરાને કહ્યું કે ખેતી તો સુરો ને મારા બેય દિકરા કરી ખાશે, તમે શહેરમાં જઈ દૂધ વેંચો અમેય ઈ શહેરવાળાઉંને ચોખ્ખા દૂધની ભૂખ છે. ગામની બજારની માલીકોરની અમેરા આજ માટે ખોદેલું મુકીને રાખ્યો છે. પણ આ આહીરોના ગામમાં ઈ કોણી દૂધ વેચવા જાય ઈ આહીરોથી ખમાતું નહિં એટલે ભાઈ કહી ગામ આખાએ ઠેકડી ઉડાડી ને કહ્યું કે કોણી આ ભરવાડણો ઢાંઢો મેલી દે, ફિકર ભારી જેર નથી. મહુને મગર પડતા પોતાના ~~પ્રીત~~ પરમેશ્વર પાદ ~~સાથે~~ પોતી ને એના ઊનાં ઊનાં આંસુડા પોતાના પાલવે લુછ્યાં. પણ ગામવાળા આ ભાઈબાપ દુશ્મન હતા તેમણે કહ્યું આ ભાઈ મેલી વિદ્યા જાણે છે અને પૂનમ મેળાઠે છે આવવાની સાથે સારું-નરસું

જેમની ગાય, ને ભાઈને ભાઈથી જુદો કરી દીધો. માનું પણ એ હિંમતે અમરાની ઘેર શેહરમાં ગાયું પણ આજ દ્વારકાધીશ અમરાની ઘેર હતાં ને એના ઢાંઢો આવો થયો. શેહરની બાજુએ કાલો કૂંડી દૂધ લાવવાનું કહયું. ધીરે ધીરે માનુની પ્રેરણાથી અમરાએ ઢાંઢા વધારી દીધા અને બરાબર પાંચ વરસ પછી આજ અમરો આઠ ચાર મણ દૂધ વેચે છે, અને એની બાઈ ગામમાં એના ઘરનું દૂધ એકઠું કરે છે.

પોતે બહું ભણેલી ન હોવા છતાં બેય દિકરાઓને સારું ભણતર ને ગણતર આપયું અને હી જ વરેહ સુરના ભણેલ કરી દીધાં. હવે અમરાના ઢાંઢા જામવા લાગ્યો તો. ભર બજારમાં એ માનું-અમરાની ઠેકડી ઉડાડનાર અમારો પોતાના દિકરાઓને એની ઘેર ઢાંઢે રાખવા વિનંતી કરવા લાગ્યાં.

આ બધું જુઓને ભાણીના કે'વાથી પહેલી વાર જાણ્યું વાત્યું. એ જૂના વેરાનથી રહયું-સહયું દેહું સૂકળ થઈ ગયું. આજ ઈ કોળને ૯૦-૯૦ વરસના વાઘરા વઈ ગયાં બાદ નવા આઠેલા ઓરડો છે. ગામ આખું એની પાછે જાઇ કેમ વવાય એની રીત પૂછવા માનું પાછે જાય છે. અમરાના ઢાંઢા દ્વારકાધીશની કૃપાથી જામી ગયેલ છે અને એના બેય દિકરા દેવના દિવોલા જેવા છે. અમરો પોતાની સાફળતા પાછળ પોતાની અર્ધાંગિનીને ગણતો હતો.

ગામની નામના ફેલાવી મળ્યું આ વખતે સરપંચની ચૂંટણીમાં ઊભી રહી અને જીતી. આવતાની સાથે કલેક્ટર પાસેથી ખાતરનું સુંદર સમાચાર આ બાદ પ્રાથમિક શાળામાંથી માધ્યમિક શાળા કરવાની પરવાનગી લઈ આવી. રસ્તા સારા કર્યાં અને નમૂનેદાર ગટર વ્યવસ્થા ગામમાં બેસાડી. ગામના આરોગ્ય પર એની સખીમંડળની મહિલાઓએ દબાણ કરી રોડ સારો કરાવ્યો અને એસ. ટી બસો દોડતી કરી દીધી. દરિયાના ખારા પટ સામે બંધો રહી અને ગામમાં ૫૨ (52) નાનાં-મોટાં ચેકડેમ બંધાવ્યાં.

એ ચેકડેમના આધારે ગામમાં આજે ખળ-ખળ મોલ લહેરાય છે, અને ગામ જાણે સાચેમાં ગોકુળિયું બન્યું છે. કે છે ને,

'કોક દિ કાઠિયાવાડમાં ભૂલો રે પડ ભગવાન,
તારા એવા કરું સન્માન કે તને સ્વર્ગ ભુલાવું શામળા.'

આ જ શ્રી શામળો ભૂંભલી ગામમાં ભૂલો પડ્યો હોય તો ખરેખર સ્વર્ગ ભૂલે જ.' આવું રૂડું વાતાવરણ સર્જનારી આ નારીને 'નારાયણી' નહિ તો બીજું શું કહેવું.

[signature]

[ Amit Dogada ]
amitdogada@gmail.com.